# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**National Morning News 10-04-2025 at 7.45-7.55 AM**

**નમસ્કાર,આકાશવાણી**

**(ઓપનિંગ સીંગનેચર ટ્યુન)**

**સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

**મુખ્ય સમાચાર**

**(અંડર પ્લે)**

**આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્લોવાકિયન સમકક્ષ પીટર પેલેગ્રીની સાથે વાટાઘાટ કરી
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાનું ભારતમાં આગમન મોદી સરકારની મુત્સદ્દીગીરીની મોટી સફળતા
3) આજે વિશ્વ હોમિયોપેથી દિવસે ગાંધીનગરમાં આયોજિત હોમિયોપેથી સંમેલનમાં કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવ ઉપસ્થિત રહેશે.
4) અમેરિકાએ ચીન સિવાયના તમામ દેશો પરની પારસ્પરિક ટેરિફ 90 દિવસ સુધી સ્થગિત કરી
5) આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સને 58 રનથી હરાવ્યુઃ આજે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ SLOVAKIA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્લોવાકિયાની તેમની રાજકીય મુલાકાત દરમિયાન ગઈકાલે બ્રેટિસ્લાવામાં તેમના સ્લોવાકિયન સમકક્ષ પીટર પેલેગ્રીની સાથે વ્યક્તિગત બેઠક અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી હતી.

બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ અને સહિયારા વૈશ્વિક અને પ્રાદેશિક હિતોના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમણે બે સમજૂતી કરારોનું આદાનપ્રદાન પણ કર્યું.

રાષ્ટ્રપતિ મુર્મુ પોર્ટુગલની તેમની સફળ મુલાકાત પૂર્ણ કરીને ગઈકાલે સ્લોવાકિયાની રાજધાની બ્રાતિસ્લાવા પહોંચ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHAH-TAHAWWUR

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાનું ભારતમાં આગમન એ મોદી સરકારની મુત્સદ્દીગીરીની મોટી સફળતા છે. તેમણે કહ્યું હતું કે, ભારતના લોકો પર દુર્વ્યવહાર કરનારા તમામ લોકોને પરત લાવવાની જવાબદારી ભારત સરકારની છે.**

**એક ખાનગી ટીવી ચેનલ પર બોલતા શ્રી શાહે કહ્યું કે, તહવ્વુર રાણાને ભારતીય અદાલતમાં સુનાવણીનો સામનો કરવો પડશે. જે દેશ માટે એક મોટી સિદ્ધિ હશે.**

**(BYTE Amit Shah)**

**ઉલ્લેખનીય છે કે, રાણાને આજે વિશેષ વિમાનમાં ભારત લાવવામાં આવે તેવી અપેક્ષા છે. તેના પ્રત્યાર્પણ વિરુદ્ધ રાણાની અરજીને અમેરિકાની સર્વોચ્ચ અદાલતે નકારી કાઢી છે.**

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ટીકા કરી હતી અને તેમના પર નાગરિકતા સુધારા કાયદા અંગે અફવા ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM - UP AND MP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની મુલાકાત લેશે. તેઓ વારાણસીમાં ત્રણ હજાર 880 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી 70 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને પ્રથમ વખત આયુષ્માન વય વંદના કાર્ડ સુપ્રત કરશે. પ્રધાનમંત્રી મોદી મધ્યપ્રદેશમાં આનંદપુર ધામ ખાતે જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે અને આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે. આનંદપુર ધામની સ્થાપના આધ્યાત્મિક અને ધર્માદાના હેતુઓ માટે કરવામાં આવી છે. તેઓ ઇસાગઢમાં ગુરુજી મહારાજ મંદિરમાં દર્શન અને પૂજા પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD HOMEOPATHY DAY

આજે વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. હોમિયોપેથી એ વિશ્વની બીજી સૌથી મોટી તબીબી પ્રણાલી છે. આરોગ્ય સંભાળ માટે સર્વગ્રાહી અભિગમ અને કુદરતી તથા બિન-નુકસાનકારક સારવારને કારણે તે વિશ્વભરના લાખો લોકોને આકર્ષે છે.

આયુષ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં 10 કરોડથી વધુ લોકો તેમની સ્વાસ્થ્ય જરૂરિયાતો માટે હોમિયોપેથી પર વિશ્વાસ કરે છે. હાલમાં દેશમાં ત્રણ લાખ 45 હજાર નોંધાયેલા હોમિયોપેથિક ડોકટરો, 277 હોસ્પિટલો, આઠ હજારથી વધુ દવાખાનાઓ અને 277 શૈક્ષણિક સંસ્થાઓ છે.

વિશ્વ હોમિયોપેથી દિવસ પ્રસંગે આજે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

આજે સવારે ગાંધીનગરમાં ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન હોમિયોપેથી, નેશનલ કમિશન ફોર હોમિયોપેથી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપેથીના ઉપક્રમે હોમિયોપેથિક સંમેલન યોજાશે. આ પ્રસંગે આયુષ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MAHAVIR JAYANTI

આજે દેશભરમાં 24મા અને અંતિમ જૈન તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિ ધામધૂમથી ઉજવવામાં આવી રહી છે. આજે ભગવાન મહાવીરના અનુયાયીઓ પ્રાર્થના અને પ્રસાદ અર્પણ કરીને અને રથની શોભાયાત્રામાં ભાગ લઈને આ તહેવારની ઉજવણી કરે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે મહાવીર જયંતી પ્રસંગે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. એક સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે અહિંસા અને કરુણાના મૂર્ત સ્વરૂપ ભગવાન મહાવીરે અહિંસા પરમ ધર્મના સંદેશ દ્વારા માનવતા તરફ નવો માર્ગ દર્શાવ્યો કે અહિંસા સર્વોચ્ચ ધર્મ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAM TEMPLE RAM DARBAR

30 એપ્રિલના રોજ અક્ષય તૃતિયાના શુભ પ્રસંગે અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરના ગર્ભગૃહમાં ઔપચારિક રીતે રામ દરબાર સ્થાપિત કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયના જણાવ્યા અનુસાર, રામ દરબાર મંદિરના પહેલા માળે સ્થાપિત કરવામાં આવશે, જ્યારે અંદર છ વધારાના મંદિરોમાં સૂર્ય, ભગવતી, અન્નપૂર્ણા, શિવલિંગ, ગણપતિ અને ભગવાન હનુમાનની મૂર્તિઓ પ્રસ્થાપિત કરવામાં આવશે.

તેમણે કહ્યું કે 15 એપ્રિલથી જયપુરથી અયોધ્યા ખાતે મૂર્તિઓનું આગમન શરૂ થશે.

શ્રી ચંપત રાયે જણાવ્યું કે જૂનમાં ત્રણ દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ યોજાશે. રામ મંદિરનું નિર્માણ ઓક્ટોબર 2025 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

........................................................................

# TRUMP-TARRIF

એક મહત્વનાં ઘટનાક્રમમાં, અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના તમામ દેશો પરની પારસ્પરિક ટેરિફ 90 દિવસ સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી છે. ગઈ કાલે રાત્રે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી ટ્રમ્પે કહ્યું કે, 90 દિવસની રાહત પારસ્પરિક અને 10 ટકા ટેરિફ પર લાગુ થશે.

અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે, તેઓ તેમની ટેરિફ યોજના 90 દિવસ સુધી મુલતવી રાખી રહ્યા છે, પરંતુ ચીન માટે ટેરિફ દર વધારીને 125 ટકા કરી રહ્યા છે, જે તાત્કાલિક અસરથી લાગુ થશે. શ્રી ટ્રમ્પે જણાવ્યું કે, ચીને વિશ્વના બજારોની કરેલી અવગણનાને આધારે તેઓ ચીન પરની ટેરિફમાં વધારો કરી રહ્યા છે.

શ્રી ટ્રમ્પે જણાવ્યું કે, 75 દેશોએ અમેરિકા સાથેના વેપાર અસંતુલનને દૂર કરવા અપનાવેલા નમ્ર અને સક્રિય અભિગમને જોઇને તેઓ આ રાહત આપી રહ્યા છે.

દરમિયાન ચીને અમેરીકાથી આયાત થતી તમામ ચીજવસ્તુઓ પર 84 ટકાનો વધારાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ચીનનાં નાણા મંત્રાલયે જણાવ્યું હતુ કે, આ નવા ચાર્જ આજે મધ્યરાત્રિથી લાગુ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA - UK

ભારત અને બ્રિટને નાણાકીય સેવા ક્ષેત્ર, ફાઇનાન્સિયલ ટેકનોલોજી અને ડિજિટલ અર્થતંત્રમાં સહયોગ ચાલુ રાખવા માટે તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી છે. બંને દેશોએ ગઈકાલે લંડનમાં 13મા આર્થિક અને નાણાકીય સંવાદનું આયોજન કર્યું હતું. નાણામંત્રી નિર્મલા સીતારમણના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિમંડળે બ્રિટનના નાણામંત્રી રચેલ રીવ્ઝના નેતૃત્વમાં બ્રિટનના પ્રતિનિધિમંડળ સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરી હતી.

બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા પર ભાર મૂક્યો હતો, જેમાં પરસ્પર લાભદાયક મુક્ત વેપાર સમજૂતી અને દ્વિપક્ષીય રોકાણ સંધિ તરફ સતત વાટાઘાટ ચાલુ રાખવાનો સમાવેશ થાય છે. બંને પક્ષો એ બાબત પર પણ સંમત થયા હતા કે મજબૂત સંબંધ વેપાર, પુરવઠા સાંકળની સ્થિતિસ્થાપકતા અને વૈશ્વિક પડકારો પર સહયોગ બંને દેશોનાં અર્થતંત્રોની સ્થિતિસ્થાપકતામાં વધારો કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સને 58 રનથી હરાવ્યું હતું. 218 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાનની ટીમ 19.2 ઓવરમાં માત્ર 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

અગાઉ, બેટિંગ કરવા ઉતરેલી ગુજરાત ટાઇટન્સે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 217 રન બનાવ્યા હતા. સાઈ સુદર્શને 53 બોલમાં 82 રન બનાવ્યા હતા જ્યારે પ્રસિધ ક્રિષ્નાએ ત્રણ વિકેટ ઝડપી હતી. સુદર્શનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આ સાથે ગુજરાત સતત ચોથી જીત સાથે ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે રાજસ્થાન સાતમા સ્થાને રહ્યું છે.

આજે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. દિલ્હી કેપિટલ્સ અત્યાર સુધી તમામ મેચો જીત્યું છે, જ્યારે આરસીબી ઘરઆંગણે એક પણ મેચ જીત્યું નથી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON ASIA CHAMPIONSHIPS

ભારતીય બેડમિન્ટન ખેલાડીઓ પી. વી. સિંધુ, પ્રિયાંશુ રાજાવત અને કિરણ જ્યોર્જ ચીનના નિંગબોમાં રમાઈ રહેલી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપની સિંગલ્સ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા છે.

બે વખતનાં ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુ મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં જાપાનની અકાને યામાગુચી સામે ટકરાશે. પુરુષ સિંગલ્સમાં કિરણ જ્યોર્જ બીજા રાઉન્ડમાં થાઇલેન્ડના કુનલાવુત વિટિડસર્ન સામે અને પ્રિયાંશુ રાજાવત જાપાનના કોડાઇ નારોકા સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHOOTING-ISSF WORLD CUP

શૂટિંગમાં, ભારતના આર્યા બોર્સે અને રુદ્રાંક્ષ પાટિલે ગઈકાલે આર્જેન્ટિનાના બ્યુનોસ એર્સમાં ISSF વર્લ્ડ કપ 2025માં મિક્સ્ડ 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો હતો. ભારતીય જોડી ફાઇનલમાં ચીનની ઝિફેઈ અને સોંગ બુહાન સામે હારી ગઈ હતી

આ સિદ્ધિ સાથે, ભારત ચંદ્રક ટેબલમાં ચાર સુવર્ણ, બે રજત અને એક કાંસ્યચંદ્રક સાથે બીજા સ્થાને છે. ચીન પ્રથમ સ્થાને છે. આ સ્પર્ધાનું આજે સમાપન થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને સિક્કિમમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. બિહાર,ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, તમિલનાડુ અને કેરળમાં પણ આવી જ સ્થિતિ રહેવાની આગાહી છે. IMD અનુસાર, ઉત્તરાખંડ, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં વીજળી સાથે વાવાઝોડાની આગાહી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આજે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ગરમીનું મોજું અને ગરમ રાત્રિ જેવી સ્થિતિ રહેશે. હવામાન વિભાગે આગામી 3 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં 2-4 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAFALE-PROCUREMENT

ભારત ફ્રાન્સ પાસેથી 26 રાફેલ મરીન ફાઇટર એરક્રાફ્ટ ખરીદશે. આ સોદો આગામી અઠવાડિયામાં ઔપચારિક રીતે પૂર્ણ થશે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, 26 રાફેલ મરીન એરક્રાફ્ટમાંથી 22 સિંગલ સીટર અને ચાર ડબલ સીટર હશે અને આ ભારતીય નૌકાદળની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવશે.

રાફેલ મરીન એરક્રાફ્ટથી નૌકાદળની તાકાત અનેકગણી વધી જશે અને આ ફાઇટર એરક્રાફ્ટ INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત જેવા વિમાનવાહક જહાજોમાં તૈનાત કરવામાં આવશે. રાફેલ અદ્યતન શસ્ત્ર પ્રણાલીઓ અને મિસાઇલોથી સજ્જ હશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .